NHS

# વસ્તીના સ્ક્રીનિંગ (મેડીકલ તપાસ)ની સમયરેખા

## પેટની મહાધમનીના અસામાન્ય ફુગાવા (અબ્ડોમિનલ એઑર્ટિક એનિયરિઝમ) (AAA) માટેનું સ્ક્રીનિંગ

ઉંમર 65

**પુરુષોને** તેમના **65માં** વર્ષ દરમ્યાન ઓફર કરવામાં આવે છે તેનાથી મોટી ઉંમરના પુરુષો જાતે જ આ માટે માગણી કરી શકે છે.

www.nhs.uk/aaa

**સ્થાનિક સંપર્કની વિગતો:**

## આંતરડાના (બાવલ) કેન્સરની તપાસ

ઉંમર 60

**દર 2 વર્ષે 60 થી 74**વર્ષના **લોકોને** ઓફર કરવામાં આવે છે. 2021 થી 2025 સુધી, 50 વર્ષના દાયકામાંના લોકોને પણ ધીમે ધીમે સ્ક્રીનિંગ ઓફર કરવામાં આવશે. 75 કે તેથી વધારે ઉંમરના લોકો સ્ક્રીનિંગ માટે **0800 7076060** ઉપર ફોન કરીને વિનંતી કરી શકે છે.

www.nhs.uk/bowel

## સ્તનની તપાસ (બ્રેસ્ટ સ્ક્રીનિંગ)

ઉંમર 50

**મહિલાઓને** તેમના **50માં વર્ષથી લઈને 71માં** જન્મદિવસ સુધી નિયમિતપણે ઓફર કરવામાં આવે છે. તેનાથી મોટી ઉંમરની મહિલાઓ જાતે જ આ માટે માગણી કરી શકે છે

www.nhs.uk/breast

**સ્થાનિક સંપર્કની વિગતો:**

## સર્વાઇકલ સ્ક્રીનીંગ

ઉંમર 25

**25 થી 49** વર્ષની **મહિલાઓને** દર 3 વર્ષે, અને **50 થી 64 વર્ષની મહિલાઓને** દર 5 વર્ષે ઓફર કરવામાં આવે છે.

www.nhs.uk/cervical

## ડાયબીટિક આંખની તપાસ (ડાયબીટિક આઈ સ્ક્રીનિંગ)

ઉંમર 12

વાર્ષિક ધોરણે **12 અને તેનાથી વધારે ઉંમરના** ડાયબીટીઝ વાળા **લોકોને** ઓફર કરવામાં આવે છે.

www.nhs.uk/diabeticeye

**સ્થાનિક સંપર્ક વિગતો:**

## નવજાતનું સ્ક્રીનિંગ

નવજાત

- **નવજાતની** શ્રવણશક્તિની
- શારીરિક તપાસ (આંખો, હ્રદય, કેડ- હિપ્સ અને વૃષણની સમસ્યાઓ માટે) **જન્મના 3** દિવસની અંદર અને ફરીથી જન્મના **6 થી 8** અઠવાડિયે
- **નવજાતનું** બ્લડ સ્પોટ (9 વિરલ પરિસ્થિતિઓ માટે)

www.nhs.uk/pregnancyscreening

## ગર્ભાવસ્થામાં તપાસ (પ્રેગ્નંસીમાં સ્ક્રીનિંગ)

સપ્તાહ 27

સપ્તાહ 18

સપ્તાહ 9


ગર્ભધારણ

- સિકલ સેલ અને થેલસેમિઆ (આદર્શ રીતે **10 અઠવાડિયા સુધીમાં** )
- ચેપી રોગો (HIV, હેપટાઈટિસ B અને સિફિલિસ
- ડાઉન સિન્ડ્રોમ, એડવર્ડસ સિન્ડ્રોમ અને પાટુસ સિન્ડ્રોમ
- 11 બાળકમાં શારીરિક સ્થિતિઓ (**20- અઠવાડિયે સ્કેન** )
- ડાયબેટિક રેટિનોપથી (ડાયબીટિઝવાળી મહિલાઓ માટે)

www.nhs.uk/pregnancyscreening

ઉંમર 70 · ઉંમર 55 · ઉંમર 45 · ઉંમર 40 · ઉંમર 35 · ઉંમર 30 · ઉંમર 20 · ઉંમર 15 · ઉંમર 5

# વસ્તીના સ્ક્રીનિંગની સમજણ




સ્ક્રીનિંગ એ તંદુરસ્ત લોકો કે જેમને કોઈ રોગ અથવા બીમારીનો ભોગ બનવાની વધારે સંભાવના હોય તેમને પારખવાની પ્રક્રિયા છે. સ્ક્રીનિંગને એક ચાળણી તરીકે વિચારીયે તો તેને સમજવામાં મદદ થઈ શકે.

જેમાં સ્ક્રીનિંગ ટેસ્ટ એટલે કે ચાળવવું, અને જેમાંથી મોટા ભાગના લોકો પસાર થઈ જતા હોય છે. આનો અર્થ એ કે જે બીમારી માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું તે તેમને હોવાની શક્યતા ઓછી છે.

ચાળણીમાં જે રહી ગયા હોય તે લોકોને તે બીમારી હોવાની શક્યતા વધુ છે. સ્ક્રીનિંગ પૂરા પાડનાર પછી તેમને યોગ્ય માહિતી, વધારે પરીક્ષણો અથવા સારવાર ઓફર કરી શકે.

## વ્યક્તિગત પસંદગી

બધીજ સ્ક્રીનિંગ સંભવિત ફાયદાઓ અને સંબંધિત નુકસાનોનું સંતુલન હોય છે.

સ્ક્રીનિંગ ટેસ્ટ કરાવવો કે નહિ તેનો નિર્ણય કરવો તે વ્યક્તિગત પસંદગી છે અને તે ફકત તમે જ કરી શકો છો. સ્ક્રીનિંગ સ્વીકારવાનો અથવા નહિ કરાવવાનો તે તમારો અધિકાર છે.

સ્ક્રીનિંગ પ્રક્રિયાના દરેક તબકકે, કોઈ પણ વધારે પરીક્ષણો, સારવાર, સલાહ અને સપોર્ટ વિષે તમે તમારી પોતાની પસંદગીઓ કરી શકો છો.




ટૂંકા ચલચિત્રો કે જે સ્ક્રીનિંગ વિશે વધારે સમજાવશે.



તસવીરો અને સરળ ભાષાનો ઉપયોગ કરતી સરળ માર્ગદર્શિકાઓ.




ટ્રાન્સજેન્ડર અને બિન- દ્વિસંગી લોકો માટે માહિતી.



આ સ્ત્રોતો સહિત, વધુ માહિતી માટે,
**www.gov.uk/guidance/nhs-population-screening-explained**


પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડે (PHE) NHS વતી આ પત્રિકા બનાવી હતી.



ઓપન ગવર્નમેન્ટ લાઈસન્સ (Open Government Licence) v3.0 ની શરતો હેઠળ તમે આ માહિતીનો ફરીથી-ઉપયોગ (લોગો બાકાત) વિના મૂલ્યે કોઈ પણ રચના અથવા માધ્યમમાં કરી શકો, આ લાઈસન્સ જોવા માટે, મુલાકાત લો **OGL**. જયાં અમે કોઈ પણ ત્રીજા પક્ષની કોપીરાઈટ માહિતી નિર્દિષ્ટ કરી હોય ત્યાં સંબંધિત કોપીરાઈટ ધરાવનારાઓ પાસેથી તમારે પરવાનગી મેળવવાની જરૂર રહેશે. સરળ વાંચનનું ચિહ્ન કોપીરાઈટ © LYPFT. rawpixel.com / Freepik દ્વારા ટાઇમલાનિ ડિઝાઇન કરવામાં આવી છે. PHE ગેટવે નંબર: GW-511